ફરિયાદ દાખલ તારીખ :૧૬/૦૨/૨૬
રજીસ્ટર કર્યા તારીખ :૧૬/૦૨/૨૬
નિકાલ કર્યા તારીખ :૦૩/૦૪/૨૬
સમય અવધિ : વર્ષ–માસ–દિવસ

---

## મહેરબાન ગઢડાના જયુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.ગઢડા(સ્વા.)

---

ક્રિમી.કેસ.નંબર :૧૩૭/૨૦૨૫.
આંક :– ૧૩

**ફરિયાદી:–** સરકારશ્રી

**–: વિરૂધ્ધ :–**

**આરોપી :–** (૧) લાલાભાઈ જાગાભાઈ મેવાડા.
ઉ.વ.૩૩, ધંધો:ખેતી,
(૨) રણછોડભાઈ જાગાભાઈ મેવાડા.
ઉ.વ.૨૯, ધંધો:ડ્રાઈવીગ,
બંન્ને રહે. રણીયાળા,તા.ગઢડા, જી.બોટાદ

**પ્રતિનિધિત્વ:–**
સરકારશ્રી તરફે :– વિ.એપીપીશ્રી.એસ.આર.પટેલ.
આરોપી તરફે :– વિ.વકિલશ્રી વી.કે.સોઢાતર

---

**ગુન્હો :– ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૧૭(૨),૧૧૫(૨),૩૫૧(૩),૩૫૨,૫૪ મુજબનો.**

---

**–:: ચુકા દો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા.૦૪/૧૨/૨૫ ના રોજ કલાક ૧૬:૦૦ વાગ્યે રણીયાળા ગામે ગુલાબભાઈ ભાવસંગભાઈનાઓની દુકાન પાસે આરોપીઓના છોકરા મજાક કરતા હોય જેની મજાક મસ્તી કરવાની ફરીયાદીના કાકાના દિકરા સંજયભાઈ મોહનભાઈએ ના પાડતા આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ જયભાઈને ઢીકાપાટુનો માર મારેલ અને રણછોડભાઈ સંજય ભાઈના ડાબા કામ ઉપર બે ત્રણ જોરથી લાફા મારી દેતા કાનનો પડદો તોડી નાખેલ તેમજ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી એક બીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહીતાની

કલમ–૧૧૭(૨),૧૧૫(૨),૩૫૧(૩),૩૫૨,૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલ હોવાનો આરોપ છે અને સદર ગુન્હા સબબ આ અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ કરવામાં આવેલ છે .

(૨) આ કામના આરોપીઓને સમન્સ બજતાં તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ છે અને આંક–૦૩ થી આરોપીઓ વિરૂધ્ધ શિક્ષાપાત્ર ગુના અંગે તહોમતનામું ફરમાવી,આંક–૦૪ અને આંક–૦૫ થી આરોપીઓનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ તેમના વિરૂધ્ધના ગુન્હાનો ઈન્કાર કરેલો છે આથી બાકીની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

(૩) ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| **અનું.નં..** | **મૌખિક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | ફરીયાદી હિમતભાઈ જેરામભાઈ ગોયાણીની જુબાની. | ૦૬ |
| (૨) | સાહેદ સંજયભાઈ મહોનભાઈ ગોયાણીની જુબાની. | ૦૯ |

| **અનું.નં..** | **દસ્તાવેજી પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | ફરીયાદ. | ૦૭ |
| (૨) | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૦ |
| (૩) | ઈજાનું પ્રમાણપત્ર. | ૧૧ |

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફે આ કામના ફરીયાદી તથા સાહેદો દવારા વઘું પુરાવો આપવો ના હોવાનું જાહેર કરતું પુરસીસ આંક–૧૨ થી રજુ કરેલ છે,બાદ આરોપી વિરૂધ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ અન્વયે નિવેદન નોઘવા લાયક પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોય તેઓનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓ દવારા તેઓ નિદોર્ષ હોવાનું જણાવેલ છે.

(૫) આ કામ છેલ્લે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.ની તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિશંકપણે સાબીત કરી શકેલ ના હોય આરોપીને નિદોષ છોડી મુકવા દલીલ કરેલ છે.

(૬) આ કેસની ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,તતા.૦૪/૧૨/૨૫ ના રોજ કલાક ૧૬:૦૦ વાગ્યે રણીયાળા ગામે ગુલાબભાઈ ભાવસંગભાઈનાઓની દુકાન

પાસે આરોપીઓના છોકરા મજાક કરતા હોય જેની મજાક મસ્તી કરવાની ફરીયાદીના કાકાના દિકરા સંજયભાઈ મોહનભાઈએ ના પાડતા આરોપીઓ એ ઉશ્કેરાઈ જઈ જયભાઈને ઢીકાપાટુનો માર મારેલ અને રણછોડભાઈ સંજય ભાઈના ડાબા કામ ઉપર બે ત્રણ જોરથી લાફા મારી દેતા કાનનો પડદો તોડી નાખેલ તેમજ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી એક બીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૧૭(૨),૧૧૫(૨),૩૫૧ (૩),૩૫૨,૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલ છે. ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિ ર્ણ ય ::–**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્રા અંગેના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

(૯) મુદ્દા નંબર ૧ અને ૨ ::–

આ કામે ફરીયાદપક્ષ તરફે આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો સાબીત કરવાં આ કામે ફરીયાદપક્ષ તરફે આ કામના મહત્વના,ફરીયાદી હિમતભાઈ જેરામભાઈ ગોયાણીને આંક–૦૬ થી તપાસેલ છે જેઓએ પુરાવો આપેલ છે કે,તા.૨૩/૧૨/૨૫ ના રોજ સાંજના પાચેક વાગે હું અમારા ઘરે હાજર હતો ત્યારે મારા ઘરની બાજુમા ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હતા આ વખતે ત્યા કોણ કોને શું બોલતું હતું તેની મને ખબર નથી પરંતુ તે વખતે સંજયભાઈનો પગ ખાડામાં પડી જવાથી સામાન્ય ઈજા થયેલી આ બનાવમા સંજયભાઈને કાનમાં ઈજા થતા દુખાવો થતો હોય કેશવ હોસ્પીટલ ખાતે બતાવવા માટે ગયેલા જ્યા પોલીસે એક તૈયાર ફરીયાદમાં મારી સહી કરાવેલ હતી,આજ રોજ મને મારી ફરીયાદ બતાવવામ અવો છે જે ફરીયાદમા મારી સહી હું ઓળખી બતાવુ છું.

સદરહુ ફરીયાદી સાહેદ ફરીયાદપક્ષને મદદ કરતા ન હોઈ સરકારી વકીલશ્રી નાઓ સદર સાહેદને ફરી ગયેલ સાક્ષી જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ છે જેમાં પણ ફરીયાદીએ ફરીયાદ કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલી નથી.

વધુમાં,બચાવપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ છે,જેમાં ફરીયાદી સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે,એ વાત ખરી છે કે,આ કામના આરોપીએ સંજયભાઈને કોઈ માર મારેલ નથી કે ગાળો આપેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.અમોએ પોલીસ ને કોઈ આરોપીના નામ કે હથીયાર ધ્વારા માર મારેલ તેવી હકીકત લખાવેલ નથી.અમોએ કે સંજયભાઈએ ડોકટર રુબરુ ની હીસ્ટ્રીમા કોઈ આરોપીના નામ કે હથીયાર જણાવેલ નથી.સંજયભાઈને પડી જવાથી ઈજા થયેલી.

(૧૦)વધુમાં ફરીયાદપક્ષ તરફે આ બનાવમાં ઈજા પામનાર એવા અગત્યના સાહેદ સંજયભાઈ મહોનભાઈને આંક-૦૬ થી તપાસેલ છે તેઓએ પુરાવો આપેલ છે કે,બનાવ તા.૨૩/૧૨/૨૫ ના રોજ બનેલો તે વખતે હું મારા ઘરે સાંજના પાચેક વાગે ઘરે હાજર હતો તે વખતે ત્યારે મારા ઘરની બાજુમા ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હતા આ વખતે ત્યા કોણ કોને શું બોલતું હતું તેની મને ખબર નથી પરંતું તે વખતે મારો પગ ખાડામાં પડી જવાથી સામાન્ય ઈજા થયેલી આ બનાવમા મને કાનમાં ઈજા થતા દુખાવો થતો હોય કેશવ હોસ્પીટલ ખાતે બતાવવા માટે ગયેલા.

સદરહુ ફરીયાદી સાહેદ ફરીયાદપક્ષને મદદ કરતા ન હોઈ  સરકારી વકીલશ્રી નાઓ સદર સાહેદને ફરી ગયેલ સાક્ષી જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ છે જેમાં પણ ફરીયાદીએ ફરીયાદ કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલી નથી.

વધુમાં,બચાવપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ છે,જેમાં ફરીયાદી સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે,એ વાત ખરી છે કે,આ કામના આરોપીએ અમોને કોઈ માર મારેલ નથી કે ગાળો આપેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.અમોએ કે સંજયભાઈએ પોલીસ ને કોઈ આરોપીના નામ કે હથીયાર ધ્વારા માર મારેલ તેવી હકીકત લખાવેલ નથી.અમોએ ડોકટર રુબરુ ની હીસ્ટ્રીમા કોઈ આરોપીના નામ કે હથીયાર જણાવેલ નથી.અમોને પડી જવાથી ઈજા થયેલી.

(૧૧)આમ ફરીયાદીપક્ષે આરોપી સામે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતા ફરીયાદીની તથા ઈજા પામનાર અને બનાવના નજરે જોનાર સાહેદોની જુબાનીમાં આરોપી સામે હાલના ગુન્હામાં સંડોવે એવો કોઈ પુરાવો તેઓની જુબાનીમાં આપેલ નથી આ કામના ફરીયાદી જેઓ બનાવના નજરે જોનાર સાહેદ છે તેમ છતા તેઓને આ કામના આરોપીઓએ સંજયભાઈને માર મારેલાનો કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનો કે આરોપીઓએ તેઓને કોઈ હથીયારો થી માર મારેલ હોવાનો કોઈ પુરાવો આપેલ નથી અને તેઓને પડી ગયેલ હોવાના કારણે ઈજા થયેલ હોવાનો પુરાવો આપેલ છે તેમજ આ કામના ઈજા પામનાર સાહેદ સંજયભાઈ દવારા પણ તેઓને પડી જતા ઈજા થયેલ હોવાનો પુરાવો આપેલ છે તેમજ ઉલટતપાસમાં પણ બનાવમાં આરોપીઓ એ તેઓને માર મારેલ ના હોવાનો,ગાળો

બોલેલ ના હોવાનો તેમજ જાનથી મારી નાખવાની ધમકી નહી આપેલ હોવાનો સ્વીકાર કરેલ છે,વધુમાં આ કામે આંક–૦૭ થી ફરીયાદ રજુ થયેલ છે અને આ અંગે કાયદાની જોગવાઈ ધ્યાને લઈએ તો ફરીયાદનો ઉપયોગ ફકત સમર્થન અથવા વિરોધાભાસ માટે થઈ શકે અને જયારે આ કામે ફરીયાદીએ ફરીયાદને સમર્થનકારી જુબાની આપેલ ન હોય એકમાત્ર ફરીયાદ ને આધારે આરોપીઓને ગુન્હામાં સંડોવી શકાય નહી તેમજ આ કામે સાહેદના ઈજા પ્રમાણપત્ર રજું થયેલ છે પરંતુ આ કામના ફરીયાદી કે ઈજા પામનાર સાહેદ દવારા તેઓને થયેલ ઈજા આ કામના આરોપીએ કરેલ હોવાનો પુરાવો આપેલ નથી.વધુમાં આ કામે ફરીયાદી તથા ઈજા પાાનાર સાહેદ તરફે આ કામે વધુ પુરાવો રજુ કરવો ન હોય તે બાબતે આંક–૧૨ થી પુરસીસ રજુ કરેલ છે જેથી આ કામે વધુ કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી ફરીયાદપક્ષે આ કામે ગુનાવાળી જગ્યાના પંચનામા ની નકલ તથા ફરિયાદીના ઈજા પ્રમાણપત્રની નકલ રજુ કરેલ છે અને બચાવપક્ષે આ દસ્તાવેજોને આંક આપવા સામે વાંધો ન હોઈ આંકે પાડી પુરાવામાં દાખલ કરવામાં આવેલ છે પરંતું દસ્તાવેજો રજુ થવા માત્રથી તે આપો આપ સાબીત થઈ જતા નથી પરંતું દસ્તાવેજોની હકીકત ફરીયાદપક્ષે મૌખિક પુરાવાથી પુરવાર કરવાની રહે છે તેમ છતાં ગુનાવાળી જગ્યાનું પંચનામું સાબીત માની લેવામાં આવે તો પણ પોલીસે ગુનાવાળી જગ્યાનુ પંચનામું કરેલ છે તેટલી હકીકત સ્પષ્ટ થઈ શકે પરંતું ફરીયાદવાળો બનાવ બનેલ છે તેવી હકીકત આ પંચનામા થકી સાબીત માની શકાય નહી .વધુમાં ઈજા પ્રમાણપત્ર જોતાં સાહેદ સંજયભાઇને તેમાં જણાવ્યાં પ્રમાણેની ઈજા થયેલાનું ફલીત થાય છે પરંતું ફરીયાદી તથા સાહેદ સંજયભાઈ દવારા તેઓને પડી જતા ઈજા થયેલ હોવાનો પુરાવો આપેલ હોય જેથી ઈજા પ્રમાણપત્રમાં જણાવ્યા મુજબની ઈજાઓ સાહેદને હાલના આરોપીઓએ ફરીયાદીને પહોચાડેલ છે તેવું શંકારહિત રીતે આ દસ્તાવેજથી સાબીત માની શકાય નહી.આમ ફરીયાદપક્ષે રજુ થયેલ આ દસ્તાવેજ કે જે બચાવપક્ષે સ્વીકારેલ છે તે દસ્તાવેજ રજુ થવા માત્રથી આરોપી સામે આક્ષેપિત ગુના સાબીત થઈ શકતા નથી તેમજ સમગ્ર પુરાવો જોતાં ફરીયાદપક્ષે આ કામે અન્ય કોઈ ડોકટર કે ત.ક.અમલદારને તપાસેલ નથી જો કે આ કામના ફરીયાદી તથા સાહેદોનો પુરાવો ધ્યાનમાં લેતા તેઓને તપાસવામાં આવેલ હોત તો પણ કેસના ગુણદોષમા કોઈ અસર થાય તેમ જણાતું નથી.

(૧૧)આમ ફરીયાદપક્ષે રજુ કરેલ તમામ પુરાવામાં આ કામના આરોપીઓએ ઈજા પામનાર સાહેદ સં જયભાઈને માર મારી ઈજાઓ કરેલ હોવાનો કે ગાળો આપેલ હોવાનો કે જાનથી મારી ખાવાની ધમકી આપેલ હોવાનો કોઈ પુરાવો આપેલ ના હોય ભારતીય ન્યાય સંહીતા ની કલમ–૧૧૭(૨),૧૧ ૫(૨),૩૫૧(૩),૩૫૨,૫૪ મુજબના કોઈ તત્વો પુરવાર થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ

નથી.આમ, ફરીયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ છે તેના આધારે આ કામના આરોપીને તેઓની સામેના આક્ષેપીત ગુન્હામાં સંડોવી શકાય તેમ ના હોય આ કામના આરોપીઓએ તેઓની સામેના આક્ષેપીત શિક્ષાપાત્રગુના કરેલ હોય તેવી હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું માની મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી,આ કેસના આખરી નિર્ણય માટે મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહીતા ની કલમ–૧૧૭(૨),૧૧૫(૨),૩૫૧(૩),૩૫૨,૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓએ અગાઉ આપેલ જામીન ને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધીના જામીન તરીકે અપીલ સમય સુધી ચાલું રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ:–૦૩/૦૪/૨૦૨૬
સ્થળ:–ગઢડા

( હિતેશકુમાર અમરભાઈ મકા)
જયુડી.મેજી. ફ.ક.ગઢડા
Judge Code No-GJO1459